# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



**ભારત સરકારના MSME સેક્રેટરીશ્રી સાથે યોજાયેલ મિટીંગમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી પાર્થભાઈ ગણાત્રા ઉપસ્થિત રહી MSME ને લગતા પ્રશ્નોની રજુઆત કરેલ...**

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY R.C.C.I. Since 1954

ભારત સરકારના MSME સેક્રેટરીશ્રી એસસીએલ દાસ સાહેબ રાજકોટની મુલાકાતે આવેલ તે દરમ્યાન સરકીટ હાઉસ રાજકોટ ખાતે યોજાયેલ મિટીંગમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા ઉપસ્થિત રહી MSME ને લગતા વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવેલ હતી.

(૧) MSME ડિપાર્ટમેન્ટ પ્રધાનમંત્રી એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ (PMEGP) એપ્લીકેશન હેઠળ દરેક જીલ્લા પ્રમાણે આશરે ૧૪૦ યુનીટનો ફિક્સ ટાર્ગેટ નકિક કરેલ છે. ત્યારે રાજકોટમાં ૩૦ થી ૩૫ હજાર MSME એકમોની મોટી માત્રામાં ઉધમ રજીસ્ટ્રેશન હેઠળ નોંધાયેલ છે. તેમાંથી આશરે ૯૦% MSME માઈક્રો સેગમેન્ટ છે. ત્યારે આ ફિક્સ ટાર્ગેટ ખુબ જ ઓછો હોય તેને વધારી ૫૦૦ યુનિટ સુધી વધારી આપવો.

(૨) સરકાર દ્વારા MSME પોલીસીઓમાં ફેરફાર કે સુધારા વધારા કરવા માટે એક કમિટિની રચના કરવી અને તેમાં લીડીંગ ચેમ્બરને સ્થાન આપવું જેથી કરીને સુચનો જાણીને યોગ્ય નિર્ણય લઈ શકાય.

(૩) વિદેશોમાં યોજાતા ટ્રેડ ફેર અને ઔધોગીક પ્રદર્શનોમાં ઉધોગકારો તથા નિકાસકારો ભાગ લઈ શકે તે માટે સરકારશ્રી દ્વારા સહાયની મર્યાદા નકિક કરવામાં આવેલ છે. પરંતુ વર્તમાન પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાને લેતા આ સહાય મર્યાદાની રકમ તાત્કાલીક વધારવી ખાસ જરૂરી છે.

(૪) મનરેગા હેઠળ સરકાર દ્વારા જે ચુકવણું કરવામાં આવે છે તે જ રકમ જો મનરેગા હેઠળના કામદારોને MSME એકમોમાં કામગીરી સોપવામાં આવે તો લઘુતમ વેતનમાં કોઈ ફેર પડતો નથી અને આ સંપર્ણ વ્યવહાર પારદર્શક હોવાને કારણે કોઈ નાણાંકિય ગેરરીતી થવા પામશે નહી.

(૫) રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવાની ઘણા વર્ષોથી માંગણી પેન્ડીંગ છે. તો આ બાબત ખાસ ધ્યાને લઈને વ્હેલીતકે ફાળવવા જણાવેલ.

(૬) અમદાવાદમાં જે રીતે MSME ભવન કાર્યરત છે તે મુજબ રાજકોટ ખાતે તમામ સુવિધાઓ સાથેનું MSME ભવન બનાવવા પણ ઘણા સમયથી માંગણી છે તો તે બાબતે યોગ્ય કરવું.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કરવામાં આવેલ રજુઆત અંગે MSME સેક્રેટરીશ્રી એસસીએલ દાસ સાહેબએ હકારાત્મક અભિગમ દાખવી વ્હેલીતકે યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.